કલજુગની કળા.

આ ચોપડીની કીંમત ગાયો, કુતરાંના રોટલા ખાતે વાપર-
વાની છે. કોઈ મનુષ્યના ઉદર નીર્વાહ માટે એક
પાઈ પણ વાપરવાની નથી. માટે સર્વે સજ્જન
ગ્રહસ્થોએ મદદ આપી આ બુક ખરીદવા
ચુકશે નહિ.

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર.

કવિ અમરતલાલ અનોપરામ ઉર્ફે અફલાતુન

ડાકોર તથા નર્મદા નીરાશ્રીત ગૌશાળાના
સ્થાપન કરનાર. મુ. ડાકોર.

શ્રી સત્યસાગર પ્રીન્ટીંગ પ્રેસમાં પટેલ પોચાભાઈ
ચતુભાઈએ છાપ્યું.

આવૃત્તી ૧ લી　　પ્રત ૨૦૦૦　　સને ૧૯૧૧

કીં ૦-૦-૩ પાઈ.

ભીખારીબનીને દેશી ભીખતો મગાવશે.

મનહર.

હિંદનાં ઉદય માટે અરજ કરૂંછું આજ,
નિબંધ સુણીને કોઈ રીસ નહી લાવશે.
વિચપ્રવર્તને માટે વીનંતી કરીએ અમે;
સ્વારથીયા સુરજને વાત નહી ફાવશે,
આહુને અવળુ બોલી દેશબંધો ધુતીખાય.
તેવા જુઠા ઢોંગી સુણી મનમાં ચીડાવશે;
તેથી મારા દેશીભાઈ ચેતો જરા ચીતમાંહી,
ભીખારીબનીને દેશી ભીખતો મગાવશે. ૧
વિદેશીને વખોડીને મોટી મોટી વાત કરે;
ભોળા લોક ભરમાવા જુગતીઓ કાઢે છે,
દશપાંચ યારમળી કંપનીઓ ઉભી કરે.
વેચવાને શેર પાછી સુખથી ખરાડે છે;
હાથમાંહી નહી કોડી ઉલે તો બજારદોડી,
મોટી મોટી વાતો જોડી લોકને ફસાવશે.
ઉંઘમાંથી જાગો હવે હિંદના નિવાસી બધા;
ભીખારી બનીને દેશ ભીખ તો મગાવશે. ૨
વિમા તણી કંપનીએ હજારોનાં ઘરઘાલ્યાં,
અરસપરસ વાત ઉંધી સમજાવી છે.
અકલના બારદાને કોઈએ વિચાર્યું નહી;

લોભીના અગાડી વાત ધુતારાને ફાવી છે,
એજન્ટો બનીને બહુ નીકળ્યા ફરવા કાજ.
મોજ મારવાનો દાવ આવો નહી આવશે;
અનેક તરેહનાં બીલ લખીને ઉડાવ્યા દામ,
ભીખારી બનીને દેશી ભીખ મગાવશે. ૩
વદેશીને વખોડીને દેશી તણું નામ આપી,
મોટી મોટી મીલો કાઢી લોકને રડાવ્યા છે.
મેનેજર પોતે બની એડીટરભાઈ બને;
કમીટી સબંધી મલી દામ તો ઉડાવ્યા છે,
બીજાના પૈસાવડે મોટમ મેળવે બધે.
ઢાંકયું ઢમઢોલ પોલ પાછળ બતાવશે;
હજુબી સમજ નહી માથા માંહી વાગે તોય,
ભીખારી બનીને દેશી ભીખ તો મગાવશે. ૪
ધંધામાંહી ધુળમળી દેશના વેપારમાંહી,
દગલબાજીથી દામ છીનવાને તાકે છે.
ભુલેચુકે એકવાર છેતરાઈ જાય ખરા;
છેતરપંડી કરે તે પાછળથી થાકે છે,
પ્રત્યક્ષ જુઓને આજ ગુજરાત માંહી જરા.
મીલોપતી માલખાઈ મ્હોંઢુના બતાવશે;
પાંચશેનો શેર જેનો વેચાયો પચાસપર,
ભીખારી બનીને દેશી ભીખ તો મગાવશે. ૫
એકને બદલે કહે આપવાનું ચારઘણું,

તેવાજને ચારઆની ભરતા ચુકાવી છે.
ઘરના ગરીબ હતા કંપનીની પુંજી મલી;
પોતા બાપ તણી ગણી મોજમાં ઉડાવી છે,
વહેંચણી વખત આવ્યો ખેચાતાણુ થઇ ત્યારે.
ભાગીદાર લેગા મળી ગપ તો ઉડાવશે,
ખતવાનું; નાસુ બાકી મળીને બનાવે નવું;
ભીખારીબનીને દેશી ભીખ તો મગાવશે. ૬
તેના માંહી કેટલાક અકલના હોંશીયાર,
એઓએ પકડી વાત કોર્ટે ચઢાવી છે;
કેટલાક સજા પ્રાપ્ત કેટલાક દંડ દામ,
કેટલાકે માફ કરી માફ તો મગાવી છે;
કેટલાક મોટા બની આબરૂ મેલાવી બેઠા,
મેળવેલી ઇજ્જત તે જવા વખત આવશે;
તેથી ગોળી ખાઇ મુવા કરોડોનો દાટવાળી,
ભીખારી બનીને દેશી ભીખતો મગાવશે. ૭
અકલબંદીનાં કામ યુરોપે અનેક કીધા,
લોઢાને બદલે આપી ચાંદી જેને લીધી છે:
વેપાર છે એનું નામ ખુશી થઇ આપે દામ,
દગલબાજીની એમાં કહો વાત કીધી છે:
તમારી ફેંકેલી ધુળ તેને તો કરે અમુલ્ય,
ઓપે સોભેલો જો તમ ચીતને નચાવસે;
દેશીની માફક નવ દેશને ઉજાડ કરે,

ભીખારી બનીને દેશી ભીખતો મગાવશે. ૮
ઘરનો ઉંદર થઇ પોતા તણું ઘર ખોદે,
તેમાં થી નવાઈ તણી વાત કહો ભાઈ છે;
વિદેશ જઈને જ્યારે વેપાર કરીને લાવે,
જેવી રીતે અફ્રીકુને રૂઈની કમાઇ છે;
એવી રીત તણો કોઇ હુન્નરની શોધ કરી,
સત ચીત મન રાખે દોડયું ધન આવશે,
અનેક તરેહના મેલ જુઠા સાચા સેલશેલ,
ભીખારી બનીને દેશી ભીખતો મગાવશે. ૯
પોતા તણા દેશ મહી એકજ સમાન ગણી,
છળને કપટ દુર જ્યારે કાઢી નાખશો;
સુખનો દીવસ ત્યારે આવશે જરૂર જાણો,
અરસ પરસ હેત મન માંહી આણશો,
સંપનો સમય જ્યારે હિંદમાંહી થશે ત્યારે;
એની મેળે આપોઆપ દોડયું દામ આવશે,
સત્ય વકતા કહે આપ દગાતણું છોડો નામ;
ભીખારીથઇને દેશી ભીખ તો મગાવશે. ૧૦

જાહેર ખબર.

શ્રી રણછોડજી વિજયતે

આ નામનું પુસ્તક અમારા તરફથી બહાર પાડવામાં આવ-
શે. જેની અંદર રણછોડજી મહારાજની સ્તુતી તથા :અસ્ત્ર

પટક તથા ગરબીઓ તથા આરતી વીગેરે સમાવેશ કરી પ્રભુના ગુણુંવીદ ગાવામાં આવેલા છે. પ્રભુનું નામ અમુલ્ય છે કે જેની કીમત થઈ શકે નહિ પણ આ દુકાળનો મહા ભયંકર વખત કે ઠેરઠેર બીચારી ગાયો વિગેરે મુગાં પ્રાણીઓને આફત પડતી જોઇ તેમના નીરવાહને માટે આ પુસ્તક ધમાદા મુકવામાં આ-વેલું છે; અને જેનો લાભ ગરીબ અને અમીર સર્વે લેઈ શકે તેને માટે જુજ કીમત ૦-૪-૦ રાખવામાં આવી છે અને તે ખર્ચ જતાં નફાના પૈસા ગાયો તથા કુતરાં વીગેરે મુગાં પ્રાણીઓના હીતમાં વાપરવાના છે કે અર્થ ધર્મ, કામ અને મોક્ષ વધારે એ ચાર બાબતો આ પુસ્તકમાં રાખવામાં આવી છે ને આ પુસ્તકને ભાવીક વૈષ્ણવો સેવામાં રાખે તેમ છે પ્રભુનું નામ પ્રભુના નામના ગુણુંવાંદ ગાવા તે અમુલ્ય છે માટે અમે વધારે ઓપ નહિ ચડાવતાં સર્વે ભાઈઓને વિનંતી કરીએ છીએ કે સ્વાર્થ અને પરમાર્થ બંન્ને સમજી આ પુસ્તક લેવા ચુકશે નહિ. તેમ આની લાખ કોપી છાપી પ્રસિધ્ધ કરવામાં આવનાર છે જેમાં સો ચોપડી ખરીદનારનું નામ આશ્રયદાતા તરીકે છાપી અમર કરવામાં આવશે. વળી પોતાની જાહેરાત કોઈ ભાઈઓને છપાવવી હશે. તો થોડે પૈસે મોટો લાભ તેઓને મળશે માટે નીચેને સરનામે રૂબરૂ અગર પત્ર વહેવારથી ખુલાસો કરવો જેમ કે વાંચવાના માટે અનેક તરેહનાં પુસ્તકો પૈસા ખર્ચી ભાઈઓ ખરીદો છો તો આ પુસ્તક એક વધારેનું સમજી પરમાર્થને માટે છુટી પડે તો જંગામાં અને લઈ જાય તો વિપ્ર એમ સમજી નહી

જેવી કીમતે ૮-૪-૦ આપી આ રણછોડજી વિજય નામનું પુસ્તક ખરીદશો એવી અમારી ભલામણ છે. પૈસા મોકલનારે પોતાનું નામ ઠામ વીગેરે ચોકસ લખી નીચેને સરનામે તાકીદે પૈસા [illegible]કલી પુસ્તક મંગાવી લેશો એવી આશા છે.

ઠે. કવી અમરતલાલ અનોપરાંમ ઉર્ફે અફલાતુન
ડાકોરવાળા.

જાહેર ખબર.

આ નીચેની જાહેર ખબર વાંચવા કોઈએ ચુકવું નહિ કારણ કે પરમાર્થને માટે છે અને જે કોઈ બીનાને જાહેર કરશે તેમ કરતાં તેમને અધીક પુન્ય થશે.

હીંદ ઉદય તથા ગોરક્ષક ઉપદેશ

આ ઉપર હીંદ ઉદય નામનું પુસ્તક અમારા તરફથી બહાર પાડવામાં આવશે. તેની અંદર હિંદુસ્તાનમાં ગાય વગેરે ખેતીનાં સાધનો જાનવરોનાં દુખનું વર્ણન કરવામાં આવેલું છે તેમ તેના જે કંઇ ગુણો છે તે જાહેર કરવામાં આવેલા છે. અને તેની અંદર ગુજરાતી સરલ ભાષા વાપરવામાં આવી છે કે વીદવાન અને ગામડાના રહીશો કે જે અભણ હોય છે તેમ તેનો મતલબ સુકવામાં આવેલો છે કે સર્વે ધર્મવાળાને અનુકુળ આવે તેવું આ પુસ્તક રચવામાં આવેલું છે. પરંતુ જે લોકો પોતાના ઉદર

નીસ્વાહના માટે પુસ્તકો રચી હેંડબીલો આપે છે તેમ અમે આ-
પતા નથી પણ પુસ્તક વાંચવાથી આપી આપ તેનાગુણ માલુમ પડશે

આ પસ્તકની કોપી એક લાખ છપાવવાની છે અને તે છ-
પામણ વગેરે ખર્ચ જતાં ગાયો વગેરે મૂગાં પ્રાણીઓનાં હીતમાં
હીતમાં આ નાણું વાપરવાનું છે. માટે સર્વે ભાઈઓને વન ત
કરવાની કે અનેક જાતનાં પુસ્તકો રાખી પોતાના પઈસા ખરચ્યા
છે તો અમારા તરફથી આ એક પુસ્તક વધારાનું ખરીદશો
એવી આશા છે. આમાં અર્થ, ધર્મ, કામ, અને મોક્ષ એ ચારે
વાતો સમાએલી છે તેમ સ્વાર્થની જોડે પરમાર્થ પણ છે ફુટી
પડે તો ગંગા અને લઈ જાય તો બ્રાહ્મણ એમ સમજી આ એક
પુસ્તક લેશો એવી વીનંતી છે. તેમ કોઈ ભાઈને પોતાની જાહેર
ખબર છપાવવી હોય તો આ લાખ કોપી નીકળી છે તેની અં-
દર થોડા પઈસામાં મોટો લાભ પોતાની જાહેર ખબર છપાવી
મેળવશે અને તેની કીંમત વિષે ખુલાસો કરશો તેમ આ પુસ્તક
માં છાપી અમર કરવામાં આવશે ગરીબ અને અમીર સર્વે લાભ
લે તેને માટે પુસ્તકની કીંમત જુજ ૦—૮—૦ ની રાખવામાં આવી
છે માટે પોતાનું નામ ઠામ ચોકસ લખી નીચેને સરનામે મોકલી
મંગાવવા કૃપા કરશો.

ઠેકાણું.

કવી અમરતલાલ અનોપરામ ઉર્ફે અફલાતુન.

ડાકોર વાળા.

ધન કમાવાની કુંચી.

સુધરેલી ફેશનના જુઓ આ ભીખારીને.

મનહર.

ધન ધન હીદ તારી અહા શી ખુબીજ કહું,
તારા માંહી અનેકજ ફંડ જારી થયાં છે.
કેટલાક કહે છે આમ નવાં નવાં નવે ગામ;
બતાવોને તેનાં નામ કયાંકાં થયાં છે,
થોડાંક ગણાવું આજ દેશ તણી જાણી દાઝ.
ગણાવાને માહારાજ વાતતો વીચારી છે;
આશ્રીત અનેક થઈ નિરાશ્રીત મુકે નામ.
સુધરેલી ફેશનના જુઓ આ ભીખારી છે. ૧
પ્રથમ છે એનું કામ નીરાશ્રીત હોતું નામ,
નિર્ણય કરોને આમ નિરપક્ષ બોલજો.
એક થઈ ઘાલે હામ પાસે નહી પુરૂ દામ,
મદદમાં રામ નામ તેને કહું તોલજો;
નિરાશ્રીત એનું નામ સમજો શાણા તમામ,
જેનાં જુદાં જાણો નામ તેમાં ભેદ ભારી છેઃ
ભેગા થઈ ધનવાન ધુતવાને ધરે નામ,
સુધરેલી ફેશનના જુઓ આ ભીખારી છે. ૨

છપનના કાલ માંહી એકતો ઉઠીયા નહી,
જ્યારે દયા સારી થઇ ત્યારે સહુ જાગીઆ;
કાલનું બતાવી નામ કરવા પોતાનુ કામ,
હળી મળી ઘણા હવે ઉદ્યમે તો લાગીઆ;
મોટા મોટા ગુણવાન અરપણ કરે પ્રાણ,
દેશની ખાતર જાણે એવા શું વિચારી છે;
લાંબી લાંબી કલમથી કાયદા અનેક કરે; સુ૦ ૩
ભણી ગણી ભીખતણી આગર નજર કરી,
ધન ધુતવાને કેવી અકલ ચલાવે છે;
ફાયદાને માટે મહી મોટા તણાં નામ આપી,
ઇસ્તીહાર કાઢી ઘણા દેશને હલાવે એ;
ઘણાખરા પક્ષપાતે નામનો ખરચ કરી,
વિચારે નહી કે આતે પરઉપકારી છે;
પોતે તો વેગળા રહી હાથે નહી જો લેવાઇ. સુ. ૪
સારસ્વતી સમાજને વિદ્યા ઉત્તેજન કાઢે,
બાલકા આશ્રમ એવાં નામ તો ધરાવે છે.
શોક સભાવાને કાજ મીત્ર તણા મળી સાજ;
કરવાને મોટું કાજ પાટીયો ચીતરાવે છે,
લાયબ્રેરી પાડે નામ પાસે નહી કોડી દામ.
લોકોને ધુંતવા આમ વાતતો વીચારે છે.
કહે છે સઘળા લોક જુઠા ભર્યા થોકાથોક. સુ૦ ૫
પરીક્ષામાં પાસ નહી ત્યારે તો નીરાશ થઇ,

પોતાના ઘરમાં રહી કેવો ખેલ કરે છે;
સરકારી નીસાળોમાં ભણવાનું કાંઈ નહી,
આત્માનો ભોગ આપી નવીજ નીશાળ થાપી;
લોકોના સુખને માટે કેવું કામ ભારી છે,
પછી તે છોકરાં પાસે ભીખતો મગાવે ખાસી; સુ૦ ૬
કેટલાક કહે છે આમ લાખો ભેગા થશે દામ,
ત્યારે કરવાના કામ મનસુબા ધારે છે;
એક મેનેજર થાય બીજો સેક્રેટરી થાય,
ત્રીજો એડીટર થઈ ફંડને વધારે છે;
કેટલીક રાંડો થઈ માગવાને દેશ મહી,
રાજા રજવાડા વશ કર્યા કારભારી છે;
પાછળથી કર્યું જાણ પાપનો ઉદવ ભાણુ. સું૦ ૭
ગૌશ્રાથી અને શ્વાન તેને માટે ટુકડો છે,
ઘેર ઘેરકાઢે લોક સત્ય ધર્મ જાણીને;
દયાનંદે દયા કરી સત્યાસીની સાલ માંહી,
મુંબઈ શહેરના માંહી જાણી કુત્રાં પ્રાણીને;
ગ્રહસ્થીથી ભુલે ચુકે કાઢવાનું ભુલી જાય,
બચવા ગ્રહસ્થાશ્રમ વાલ સુવીચારી છે;
પેટી મારી ઠામોઠામ લેઇ પડયા તે તમામ સુ૦ ૮
ગાયને કુતરા તણી મુંબઇમાં પેટી ઘણી,
જોઈ દોડયા અણી ધીક અવતારને;
અમીરને ગરીબ તે ભીખ માગવાને દોડયા,
ધીક ધીક હીદ તણા આવા શાહુકારને;

ગાયોને કુતરા તણી ભીખ સર્વેએ લીધી હણી,
હવે તો પેટીઓ ઘણી ઘેર ઘેર જારી છે,
કારખાનાં કાઢવાને પેટી લઈ ભીખ માગે. સુ૦ ૯
આવાં આવાં હીંદમાંહી કામ તો અનેક જેવા,
ધરમનઃ નામથી ધતીંગ ઘણાં ચાલે છે.
કાણાને જો કાણો ક્હી ઉભા રહેશો કહાંજઈ;
સાચા બોલા સગી માને ખરેખરા સાલે છે,
ગાયો તણા પેટપર પાટુ મારવાને લાગ્યા.
નિરભાગી જાગ્યા ત્યારે ગાયો આપુકારી છે;
હજુબી વીચાર કરો ભીખમાગવાથી ઠરો. સુ. ૧૦
કેટલાક કહે અમે અનાથઆશ્રમ કાઢયું,
હિંદુઓને માટે ખાસ ફંડ તો ઉગાડયું છે.
પેટમાટે વટલાઈ વીશ્ચવાશી થતા જાય,
તેઓને રોકવા માટે બંડતો જગાડયું છે;
એવાં કામ માટે ભાઇ પાઈ પાઇ ઉધરાવી.
કરવાનું ચીત ચાહી જનહીતકારી છે,
મોકલ્યા છે ગામોગામ તેને માટે લેવાદામ. સુ. ૧૧
અહરથીના આવાં કામ પાઈ પાઇ માગે દામ,
ભીખારી થઇ તમામ દેશણુ સુધારશે.
પોતાની પાસેનાં દામ લગાવીને કરો કામ;
શાબાશી દેશે તમામ મનમાં વિચારશો,
ઘરની તો પાઇ નહી લગાવાની પાસ કને.
લોકોના ઉપર કરે એવા અવિચારી છે. સુ. ૧૨

ભોળાનાથ સારાભાયે પહરથી કર્યું કામ,
અનાથને માટે દામ આપીને ઉગાડયું છે.
દેશીભાઇ વકીલનું જુઓને કરેલું કામ;
દુઃખી અન્ન છેતરજો ડાકોરમાં કહાડયું છે,
ભાટીયા મુંબઇતણા પુણ્યવાન દીસે ઘણા.
તેઓનાં કરેલાં કામ મુલકમાં જારી છે;
પાસે નહી મળે દામ લોકોના ઉપર હામ. સુ. ૧૩
સદાવતો અનેક છે આપણાજ હિંદમાંહી,
ભુખે મરનાર માટે તેઓએ કાઢેલાં છે.
કોળીનાળી વેશધારી ભીખારી અનેક જમે;
અનાથને માટે કોણુ કેછે ન પાડેલાં છે.
તેઓની પાસમાં જઇ સમજણ પાડો સહી,
ખરી વાતે નટે નહી જેમાં પુણ્ય ભારી છે;
દામ નામ મેળવવા મીથ્યા અભિમાન રાખે. સુ૦ ૧૫
છોકરાં બતાવો મને રઝળતાં હીંદ માંહી,
વિના માને બાપ બીન ભખે વટલાય છે;
છોકરાં માટે તો ઘણા વાંઝીયા મુઆઇ મરે,
પાળવાને આપો તેને પ્રીત થકી ચાહાય છે;
અરસ પરસ એક બીજાને ગરજ ઘણી,
તેવા શોધી મેલવાથી ઘણી બલીહારી છે,
તમારૂખી થશે નામ લાચારી છુટે તમામ;
સુધરેલી દેશનના જુઓ આ ભીખારી છે. ૧૬

જાહેર ખબર,

સર્વે ભાઈઓને વિનંતી કરવામાં આવે છે કે જ્યા છપનના દુકાળ પ્રસંગે બીચારાં અનાથક પ્રાણીઓ ઉપર મહાભયંકર ભુખમરાનું દુઃખ આવી પડેલું તે વખત અમોએ અમારૂં તન મન અને ધન સર્વે ગૌમાતાઓને અર્પણ કરી ઠાકોર નીરાસીત ગૌરક્ષક ફંડની ગૌશાળા (પાંજરાપોળ સર્વે જનીક સ્થાપવામાં આવેલું છે અને જેનો વહીવટ અમોએ કેટલાક વર્ષ કરી કેટલાક કારણસર જાહેરાત કાઢેલી કે કોઈ સુપાત્ર મનુષ્ય આ ફંડને સંભારી લેતો સોંપી દેવા મારી ખુસી છે પણ કોઈએ સંભાળવા હીમત ધારી નહિ કારણ આવક જાવક જુજ છે અને ખર્ચથી પૈસા છે તે આ કામ સાતની સાલથી પોતે પરમાર્થનું જાણી ઉપાડી લીધુ છેં અને તેઓ પોતે તેનો વહીવટ સુરીતે પોતાની યથાશકિત ચલાવ્યા જાય છે. તેમને વહીવટ સુપ્યા પછી અમોએ હાસરા તાલુકામાંથી ચંદાસર નામનું એક ગામ સંપાદન કર્યું છે અને તે પણ અમોએ અમારી કેટલીક અડચણને લીધે પાંચસેં રૂપિઆ લઈ એ ગામ ગૌરક્ષક ફંડને ગીરવી આપેલું છે. પણ આ સાલ ગાસની મહાતંગી હોવાને લીધે ગારક્ષક તરફથી ગરીબ લોકોને ચારવાને માટે ધરમાદા મુકવામાં આવેલું છે. વિષેષમાં જાહેર કરવાનું કે અમારૂં શરીર દમની બીમારીને લીધે ઘણુંજ અસકત હોવાથી પાણી ફેરને માટે પંજાબમાં અંબાલા શહેર નીવાસ કરવાને માટે ગએલા છીએ ને દીલ્લી કોરોશનનો દેટલોક મેળવવાની ઈચ્છા છે કારણ કે

રાજ્યની વફાદારીનું પુસ્તક વખતો વખત અમો છાપતા આવ્યા છીએ જેથી આ ડારોશનનું પુસ્તક છપાવવાને અમારી ઉતકંઠા છે જેથી દીલ્હીદરબારનો કેટલોક ઇતીહાસ મેળવી અમો દીવાળી ઉપર ડાકોર આવીશું એવી આશા છે પરંતુ અમારા સાંભળામાં એવું આવ્યું છે કે ગુજરાતની અંદર ગ્રાસ પાણીના ભુખમરાથી ઘણી ગાયો મરણ પામે છે તેમ કેટલાકોએ પોતાનાં જાનવરો નહી સચવાયાથી આબરૂને લીધે આબઘાત કરેલા છે. આવું સાંભળી અમોને ઘણી દીલગીરી ઉત્પન્ન થઇ છે. પણ લાચાર છીએ કે અમો નીરધન માણસો છીએ. એટલે જોઇતો પૈસો વાપરી શકીએ એટલી શકતી નથી પરંતુ એ ગાયોના પુન્યે પરમાત્માએ અમારા ઉપર દયા કરી દીવાન સાહેબ બહાદુરના રહદયમાં દયા આવવાથી તેઓ સાહેબોએ અમને ભલી ગામ આપેલાં છે. કે જે ગામ અમોએ રૂપીઆ ભરી રાખેલા છે પરંતુ ચરના ઢોઇની આજ સુધી પુરી થઇ નથી અને થવાની નથી. એમ સમજી આ ક્ષણભંગુર દેહનો ભરુસો કંઇ પણ નથી એવુ માની અમારા પુત્રની સલાહ લેવાથી તેઓએ પૈસાનો લોભ નહિ કરતાં અમોને આ બારીક સમયમાં ધરમાદા કરવા સુચવ્યું છે. જે ગામ અમોએ રાખ્યાં છે જેની અંદર વિધથી પચીસ લાખ ઘાસ તૈયાર છે અને દસ હજાર ઉપરાંત ગાયો સુખેથી ઘાસ અને પાણી પી નીર્વાહ કરે તેવી જગ્યા છે. જેથી સરવે ભાઇ-ઇઓને ખબર આપવામાં આવે છે કે જેના ઢોર ઘાસ પાણીથી દુખી થતાં હોય તેઓએ ડાકોર ગૌરક્ષક ફંડ (પાંજરાપોળમાં) મોકલી આપવાં કે તેઓ અમારા જંગલમાં પોહોચાડી આપશે જેથી

ગાયો વગેરે પ્રાણી પોતાનું પોષણ કરી પોતાનો પ્રાણ બચાવશે તેમ કેટલાંક દુખી જાનવરો પડતા મુકી જતા રહે છે. જુજ કીમતે ગાયો વેચાય છે. તો ગ્રહસ્થ લોકો આવી જુજ કીમતે ગાયો ખરીદી અમારાજ તરફ મોકલી આપશે તેઓને અધીક પુન્ય થશે તેમ આ જાહેરાત વાંચી અરસપરસ એક બીજાને ખબર આપી આવા ભયંકર સમયમાં ગાયોના બચાવ કરવા પોતાની યથાશક્તિ ફુલ નહિને ફુલની પાંખડી જે કંઇ આપશે તે ઉપકાર સાથે સ્વીકારવામાં આવશે ગાયોનો પ્રાણ બચાવવાને માટે જે કોઈ તથા પ્રયાસ કરી ગાયો છોડાવી આ ડાકોર (પાંજરાપોળમાં મોકલાવશે) તેનીપાસે કાંઇપણ જાતનો કર લેવામાં આવશે નહિ પણ તેમનો મોટો ઉપકાર માની ગાયો છોડવા ખાતે તેમનુ અમર નામ કરવામાં આવશે અને એ સબંધી ખુલાશો વિશેષ જેને જોઈતો હોય તેને ડાકોર ગૌરક્ષક ફંડના વહીવટદાર મેતા પ્યારીલાલ અમરતલાલને મલવાથી થશે. વિશેષ આ ફંડને અમદાવાદના અનાથ મંડળીના શેઠ ચીમનલાલ હ‌ત પતરાંમ તથા ડાકોરના પરીખ છગનલાલ ઉતમરાંમ તથા મુંબઈ ગૌરક્ષક મંડળીએ ડાકોર નીરાસ્થીત ફંડને મદદ આપી છે તેથી તેમનો મોટો ઉપકાર માનીએ છીએ અને આશા રાખીએ છીએ કે એવી રીતે સર્વે ગ્રહસ્થો મદદ આપી ગાયોનું રક્ષણ કરી પોતાનું અમર નામ કરશે.

કવિ અમૃતલાલ અનોપરામ ઉર્ફે અફલાતુન,

નર્મદા તથા ડાકોર નીરાસ્થીત ગૌરક્ષકના

સ્થાપન કરનાર. મુ. ડાકોર.